### રાજસ્થાન તરફ જનારા માટે સારા સમાચાર

# ડુંગરપુર ટ્રેનને ઉદેપુર સુધી લંબાવવા તૈયારી

## આ રૂટ પર ડીઝલની ટ્રેનો દોડે છે તેને ઈલેક્ટ્રિક કરવા અંગેની પણ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે

અમદાવાદ, તા.૨૨

અમદાવાદમાં મેટ્રો ટ્રેન અને અમદાવાથી મુંબઈ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ દોડાવવાના સમાચાર વચ્ચે હવે રાજસ્થાન તરફ જતા મુસાફરોને પણ વધુ સુવિધા મળે તેવો નિર્ણય આગામી નજીકના દિવસોમાં લેવામાં આવી શકે છે. આ સિવાય પણ કેટલીક વધુ ટ્રેનો દોડતી કરવાની તૈયારીઓ ચાલી રહી છે. હાલ અમદાવાદથી જે ટ્રેન ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના ડુંગરપુર સુધી જાય છે તે ઉદેપુર સુધી લંબાવવામાં આવી શકે છે. આ રૂટ પર ડીઝલની ટ્રેનો દોડે છે તેને ઈલેક્ટ્રિક કરવા અંગેની પણ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ટ્રેન શરુ થવાથી સાબરકાંઠા અને અરવલ્લીની જનતાને વધુ ફાયદો થશે, કારણ કે આ ટ્રેન હિંમતનગર થઈને અમદાવાદ-ઉદેપુર-જયપુર વચ્ચે દોડતી થશે. મળતી વિગતો પ્રમાણે અમદાવાદથી જે ટ્રેન ડુંગરપુર સુધી દોડતી હતી તે લાઈનનું બ્રોડગેજનું કામ ઉદેપુર સુધી પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આમ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને વધુ સુવિધા મળે તેવી તૈયારીઓ કરી લેવામાં આવી છે. સપ્ટેમ્બર મહિનાના અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદથી ઉદેપુર જતી ટ્રેનને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવી શકે છે. હવે આ ટ્રેનના સમયપત્રક પર કામ થઈ રહ્યું હોવાની પણ ચર્ચાઓ થઈ રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૯થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતના મહેમાન બનવાના છે અને તે દરમિયાન તેઓ ગુજરાતને વિવિધ યોજનાઓની ભેટ આપી શકે છે અને તેમાં પશ્ચિમ રેલવેના કેટલાક કાર્યક્રમોનો પણ સમાવેશ થાય છે. આવામાં અમદાવાદથી ઉદેપુર જનારી ટ્રેનને પ્રસ્થાન કરાવવાના કાર્યક્રમ અંગે પીએમઓ કાર્યાલયને પત્ર લખવામાં આવ્યો હતો. એટલે શક્યતા છે કે ચાલુ મહિનાના અંતમાં ગુજરાત અને રાજસ્થાનની જનતાને વડાપ્રધાન મોટી ભેટ આપી શકે છે. અમદાવાદથી ઉપડનારી ટ્રેન હિંમતનગર થઈને ઉદેપુર પહોંચશે તેવી પ્રબળ શક્યતાઓ છે. હાલ જે ટ્રેન ડીઝલ પર દોડે છે તેને ઈલેક્ટ્રિક કરવા માટેની કામગીરી પણ ચાલુ છે અને જેના ૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદથી ઉદેપુર સુધીનો ઈલેક્ટ્રિફિકેશનનું કામ ચાલી હ્યું છે.

જયપુરથી ચેન્નાઈ વચ્ચે દોડથી અને જયપુરથી પણે વચ્ચેની તથા મુંબઈના રૂટ પર જતી ટ્રેન હવે વાયા હિંમતનગર થઈને દોડતી કરવા માટેનું આયોજન કરાઈ રહ્યું છે. આમ થવાથી ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લીના લોકોને રોજગારની વધુ કેટલીક નવી તક મળી શકે છે. એવી પણ સંભાવના વ્યક્ત કરાઈ રહી છે કે પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રો ટ્રેનની ભેટ આપી શકે છે. નવરાત્રી દરમિયાન ટ્રેનનો પ્રારંભ કરાવવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

### ગુજરાતના માછીમારોને થશે મોટો ફાયદો

# માછીમારોને મળતું ડીઝલ ૩ થી ૪ રૂપિયા સસ્તું થશેઃરૂપાલા

## માછીમારો માટે જે પણ અનુકૂળ હશે તે ભારત સરકાર અને ગુજરાત સરકાર કરવા હંમેશા તત્પર છે

માંગરોળ,તા.૨૨

મત્સ્યપાલન,પશુપાલન અને ડેરી મંત્રાલયના મંત્રી પુરુષોત્તમ રૂપાલા આજે માંગરોળ બંદર ખાતે સાગર પરિક્રમા યાત્રા અંતર્ગત આવ્યા હતા. આ પ્રવાસ દરમિયાન તેઓએ નજીકથી માછીમારોની સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો. અને માછીમારો માટે મોટી જાહેરાત કરતાં કહ્યું હતું કે માછીમારોને મળતું ડીઝલ સસ્તું કરવામાં આવશે.પુરુષોત્તમ રૂપાલાએ માંડવીથી સાગર પરિક્રમા યાત્રા શરૂ કરી છે અને હવે પછી આગળ પણ દરિયાઈ પટ્ટીના દરેક બંદરની મુલાકાત લઈ માછીમારો સાથે રહી તેમની મુશ્કેલીઓ અને પરિસ્થિતિનો ચિતાર મેળવશે. રૂપાલાએ કહ્યું હતું કે ઓફિસમાં બેસી લોકોની પરિસ્થિતિ કે પ્રશ્નોની માહિતી નથી મેળવી શકાતી. માછીમારો માટે જે પણ અનુકૂળ હશે તે ભારત સરકાર અને ગુજરાત સરકાર કરવા હંમેશા તત્પર છે.ત્યારે ખેડૂતોની ãઝઝ યોજના કે જે માત્ર ખેડૂતો માટે હતી પરંતુ હવે એ યોજના નો લાભ માછીમારોને પણ આપવાનો નિર્ણય ભારત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. જેમાં ૦ ટકા વ્યાજે માછીમારોને સબસિડીનો લાભ આપવામાં આવી રહ્યો છે. વહેલી તકે બેંકમાં માછીમારોને ખાતા ખોલાવવા માટે પણ અપીલ કરી છે. જ્યારે ડીઝલના ભાવમાં જે વધારો થયો છે તે વિસંગતતા પણ વહેલી તકે દૂર કરવા બાહેંધરી આપી છે. ફીશીંગ બોટમાં ડીઝલ રૂપિયા ૩ થી ૪ જેટલુ મોંઘું મળે છે જેથી આગામી સમયમાં સરકાર માછીમારો માટે ઈંધણમાં રાહત આપશે તેવી જાહેરાત પણ કરી હતી. જેટી મુદ્દે પણ યોગ્ય તપાસ થશે તેવી દિલાસો પણ વ્યક્ત કર્યો છે.

### હવામાન ખાતાની આગાહી

# વિદાય લેતા પહેલા ગુજરાતમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી

## કચ્છમાં હવામાન ખાતાની આગાહી પ્રમાણે મંગળવારથી ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે, પરંતુ વિદાય લેતા પહેલા મેઘરાજા ગુજરાતને ધમરોળી શકે છે

અમદાવાદ,તા.૨૨

આ વર્ષે વરસાદ નવરાત્રિમાં ખેલૈયાઓને પરેશાન કરી શકે છે. કારણ કે આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં નવરાત્રિના સમય દરમિયાન વરસાદ પડી શકે છે. તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાતાવારણ સૂકું રહેશે. જ્યારે ગીર સોમનાથ-અમરેલીમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે તો વલસાડ અને દમણમાં ભારે વરસાદ પડી શકે છે.

જોકે રાહતના સમાચાર એ છે કે રાજ્યમાં ભારે વરસાદની શકયતા નહિવત જોવા મળી રહી છે. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાતમાં વરસાદ રહેશે. પરંતુ બીજી તરફ કચ્છમાં ચોમાસું વિદાય લે તેવી શરૂઆત થઈ ચૂકી છે.

ગુજરાતમાં ચોમાસું હવે વિદાય લેવાની તૈયારી કરી રહ્યું છે. કચ્છમાં હવામાન ખાતાની આગાહી પ્રમાણે મંગળવારથી ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ વિદાય લેતા પહેલા મેઘરાજા ગુજરાતને ધમરોળી શકે છે. એટલે કે આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડા સાથે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

નવરાત્રિના દિવસો દરમ્યાન જ સામાન્ય વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં વેસ્ટ સેન્ટ્રલ દિશામાં સર્જાયેલા લો પ્રેશરની અસરના ભાગરૂપે દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ બનશે.ગુજરાતમાં હવે ચોમાસાનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે.

ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ખેલૈયાઓ માટે ફરી એક વાર માઠા સમાચાર મળી રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી મુજબ નવરાત્રિમાં વરસાદનું જોખમ ઘટ્યું હતું. જેના કારણે ખેલૈયા ખુશખુશાલ હતા પરંતુ હવે હવામાન વિભાગ દ્વારા આગાહી બદલાઈ છે. નવરાત્રિમાં સામાન્ય વરસાદ તો રહેશે જ પણ જતાં જતાં વરસાદ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસી જશે.

# મહેસાણામાં અર્બુદા સેના ગુજરાત પ્રદેશ દ્વારા સદભાવના યજ્ઞ અને મહાસંમેલન યોજાયું

## માલધારી સમાજ, ઠાકોર સમાજ તથા ઓબીસી સમાજ દ્વારા અર્બુદા સેનાને સમર્થન જાહેર કરાયું





મહેસાણા

અર્બુદા સેના ગુજરાત પ્રદેશ દ્વારા મહેસાણાના બાસણ મુકામે અર્બુદા સેનાના અધ્યક્ષ શ્રી વિપુલભાઈ ચૌધરીની ખોટા કેસો કરી ધરપકડના વિરુદ્ધમાં સદભાવના યજ્ઞ અને મહાસંમેલનનું આયોજન કરાયું હતું. ચૌધરી સમાજના યુવાનો મહિલાઓ અને આગેવાનો સહિત વિશાળ સંખ્યામાં શ્રી વિપુલભાઈ ચૌધરી સાહેબને જલ્દી મુક્ત કરવાના ઉદ્દેશ સાથે યજ્ઞમાં હાજર રહી માં અર્બુદાને પ્રાથના કરી હતી. સંમેલનમાં સંત શિરોમણીના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

સભા સ્થળે અર્બુદા સેનાના અધ્યક્ષ શ્રી વિપુલભાઈ ચૌધરીની અનુપસ્થિતિમાં સમાજનું પ્રતિક એવા પાઘડી રાખી સૌ ચૌધરી સમાજ સાથે મળી એક થઈ,નેક બની સંગઠિત થવાની કટિબદ્ધતા દેખાડી હતી. તેમજ અન્ય સમાજોમાં માલધારી સમાજ, ઠાકોર સમાજ તથા ઓબીસી સમાજ સહિતના સમાજે અર્બુદા સેનાને સમર્થન જાહેર કર્યું છે.

અર્બુદા માતાજીના પ્રાંગણમાં યોજાયેલા સદભાવના યજ્ઞ અને મહાસંમેલનમાં આંજણા ચૌધરી સમાજના લોકોના વિવિધ પ્રશ્નો અને અર્બુદા સેનાના અધ્યક્ષ શ્રી વિપુલભાઈ ચૌધરી અને તેમના પરિવાર પર જે આક્ષેપો કરી તેમને ચૂંટણી સમયે જે રીતે હેરાન કરવામાં આવે છે તેમજ જે રાજકીય કિન્નાખોરી રાખવામાં આવી રહી છે તેનો વિરોધ કરાયો હતો. આ રીતે ધરપકડ એ સમગ્ર આંજણા ચૌધરી સમાજનું અપમાન સમાન છે. જે વાતને ચૌધરી સમાજ વખોડી કાઢે છે. તેમ મહેસાણા અર્બુદા સેનાના પ્રમુખ મોગજીભાઈ ચોધરીએ કહ્યુ હતુ.

અર્બુદા ધામના ઝાખડ ઋષિ કે કહ્યું હતું કે, શ્રી વિપુલભાઈ ચૌધરીની ધરપકડ કરી સમાજને જે તોડવાની પ્રયાસ કરાયો છે તે અયોગ્ય છે. ચૌધરી સમાજ એક છે નેક છે અને સંગઠીત છે. હવે ચૌધરી સમાજ જાગી ગયો છે. સાહેબ શ્રી શું આતંકવાદી હતા ? કે એમને રાત્રિની સમયે પકડ્યા? સરકાર જો વિપુલભાઈ ચૌધરીને ૨૫ સપ્ટેમ્બર સુધી નહિ છોડે તો હું ગાંધીનગરમાં ઉપવાસ પર જઈશ.

### કચ્છ જિલ્લાના વિકાસને વેગ આપતો નિર્ણય

# નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો અપાયો

## રાજ્યના સરહદી જિલ્લા કચ્છના છેવાડાના વિસ્તાર નખત્રાણાને નાગરિક સુખાકારીના સમ્મુચિત હક્કો આપતો મહત્વપૂર્ણ નિર્ણય

કચ્છ,તા.૨૨

મુખ્યમંત્રીએ નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતના ત્રણ ગામો નખત્રાણા મોટા, નખત્રાણા નાના અને બેરૂ ગામોનો સમાવિષ્ટ કરતી નખત્રાણા નગરપાલિકાની રચના કરવાની મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના છેવાડાના વિકસીત તાલુકા તરીકે નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતના પાણી, વીજળી, ગટર વ્યવસ્થા, બસ સ્ટેશન, બાગ-બગીચા, ટાઉન હોલ તેમજ રસ્તા જેવી માળખાકીય પાયાની સુવિધા-સુખાકારી નાગરિકોને સરળતાએ ત્વરિત મળી રહે તેવા ઉદાત્ત ભાવ સાથે આ નિર્ણય કર્યો છે.

નખત્રાણા તાલુકાની નજીકના વિસ્તારોમાં હાલ કાર્યરત ઉદ્યોગો તેમજ ભવિષ્યમાં આવનારા નવા ઉદ્યોગોના પરિણામે આ વિસ્તારમાં ઊભી થનારી નાગરિક સુવિધા સુખાકારીની જરૂરિયાતોને ધ્યાને રાખી નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતે નગરપાલિકાનો દરજ્જો મેળવવા સર્વાનુમતે કરેલા ઠરાવને તેમણે અનુમોદન આપ્યું છે.

મુખ્યમંત્રી સમક્ષ આ અંગેની જે દરખાસ્ત કરવામાં આવી હતી તે સંદર્ભમાં પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરામર્શમાં રહીને રાજ્ય સરકારે નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતના ત્રણ ગામો નખત્રાણા મોટા, નખત્રાણા નાના અને બેરૂનો સમાવેશ કરી નખત્રાણા નગરપાલિકાની રચના તા. ૨૧ સપ્ટેમ્બર-૨૦૨૨ના રોજ કરી છે.

આ નખત્રાણા નગરપાલિકાના વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી નખત્રાણાની નિમણૂંક કરતું જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે

### અદ્યતન બિલ્ડીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુનિવર્સિટી બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લક્ષ્યને સાકાર કરવા માટે જી ટી યુ કટીબદ્ધ છે. જી ટી યુનુ નવુ બિલ્ડીંગ ગ્રીન બિલ્ડીંગની થીમ પર બનાવવામાં આવશે. રાજયની સૌથી મોટી ટેકનોલોજીકલ યુનિવર્સિટી અન ટેકનિકલ શિક્ષણમાં દેશ વિદેશમાં અગ્રણ્ય ગણાતી ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીના નવા સંકુલ માટે સરકાર દ્વારા લેકાવાડા ખાતે ૧૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે. જયારે આ જમીનમાં નવા બિલ્ડીંગનુ બાંધકામ કરવામાં આવશે. આગામી તા ૨૭ સપ્ટેમ્બરના રોજ ગૃહમંત્રી અમિત શાહન હસ્તે ભુમિપુજન કરવામાં આવશે. આ તબક્કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી , શિક્ષણમંત્રી જીતુ વાઘાણી, રાજય શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ અંગે જી ટી યુના કુલપતિ પ્રો નવીન શેઠે જણાંવ્યુ હતુ કે ગુજરાતમાં પ્રધાનમંત્રીના લક્ષ્યને સાકાર કરવા માટે ગુજરાતમાં વિશ્વની પ્રથમ સર્વશ્રેષ્ઠ ટેકનિકલ યુનિવર્સિટી બનાવાશે. નવા બિલ્ડીંગના બાંધકામ માટે સરકારે રૂ ૨૭૫ કરોડની ગ્રાન્ટ જી ટી યુને મંજુર કરવામાં આવી છે. જયારે નવા કેમ્પસમાં ગ્રીન બિલ્ડીંગની થીમ પર બનાવાશે. જેમાં ૧૭ થી વધુ ભવનો ઉભા કરાશે. સ્કુલ ઓફ એન્જિન્યરીંગ , ફાર્મસી, મેનેજમેન્ટ, ઉપરાંત એડમીન બિલ્ડીંગ , પરીક્ષા ભવન, , ડેટા સેન્ટર, ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ, અદ્યતન સેન્ટર, લાઈબ્રેરી, કુલપતિ અને કુલ સચિવના બંગલા પણ બનાવાશે. આ ઉપરાંત વર્ગ -૨ અને વર્ગ- ૩ કેટેગરીના કર્મચારીઓ માટે સ્ટાફ ક્વાર્ટસ , કાફેટેરીયા, તેમજ ફાર્મસીની રીસર્ચ સંબંધિત એનિમલ હાઉસનુ પણ નિર્માણ કરાશે જયારે કર્મચારીઓને સુવિધા ઉપલબ્ધ થાય તે માટે એ ટી એમ તેમજ પોસ્ટ ઓફિસની સુવિધા પણ પુરી પાડવામાં આવશે. જી ટી યુના નવા સંકુલમાં ૧૭ થી વધુ ભવનોનુ નિર્માણ કરાશે. જેમાં ૧૮૦૦ સ્કવેર મીટરના ક્ષેત્રફળમાં સોલાર પેનલ લગાવાશે જેના લીધે સમગ્ર સંકુલ સોલારની લાઈટથી સંચાલિત થશે. આ ઉપરાંત ગ્રીન બિલ્ડીંગના થીમને અનુલક્ષી અંદાજિત ૫ હજારથી વધુ વૃક્ષોની હરિયાળીથી પણ સંકુલને નિખારવામાં આવશે.

જેમાં લીમડો, પીપળો, વડ, બોરસલી, ગુલમહોર, આંબલી વગેરે વૃક્ષોનુ વાવેતર કરાશે. આ ઉપરાંત ૨૦૦૦ સ્કવેર મીટર જગ્યામાં વિવિધ પ્રકારના આર્યુવેદિક પ્લાન્ટની પણ રોપણી કરાશે. જેમાં અરડુસી, અશ્વગંધા, આમળા, ગિલોય, જાંબુ સહીતના રોપાઓની વાવણી કરવામાં આવશે. આ ઉપરાંત સંકુલને પ્રદુષણ મુકત રાખવા માટે કોમન પાર્કીંગ સાથે કેમ્પસ પરિવહન માટે ૨.૫૦ કી મી વિસ્તારમાં સાયકલ ટ્રેક બનાવામાં આવશે. જયારે વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને સંતોષવા માટે અદ્યતન ઓડિટોરીયમ તેમજ સ્પોર્ટસ સંકુલ પણ વિકસાવાશે.

### પાસની યોજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓપચારિકતા બાદ જુનથી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી એસ ટી બસમાં મુસાફરી કરતા ૧૨ લાખથી વધુ વિદ્યાર્થીને ફ્રી પાસ આપવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગ્રામિણ વિસ્તારમાંથી શહેરમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ૧૨ લાખ છે. જેમાં શાળાએ જતા અને સ્નાતક અને અનુસ્નાતક ડીગ્રી મેળવવા માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. હાલ વિદ્યાર્થીઓને કન્સેશન મુજબ પાસ આપવાની યોજના છે. જયારે ગ્રામિણ વિદ્યાર્થીઓએ એક પણ રૂપિયો ન ખર્ચવો પડે તેવી આ નવી યોજનાનો અમલ થતો નથી તેવો રોષ પણ પ્રબળ બન્યો છે. ગ્રામિણ વિસ્તારમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનુલક્ષી વિના મુલ્યે પાસ યોજનાની જાહેરાત વાહન વ્યવહાર મંત્રી કક્ષાએથી કરવામાં આવી હતી. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભને પણ ત્રણ મહીના જેટલો સમય વિતી ગયો છે. જયારે શાળા કોલેજ સંકુલો પણ વિદ્યાર્થીઓની કોલાહલથી ગુંજતા થયા છે. પરંતુ લાંબા સમયના અંતે પણ આ યોજનાનો લાભ વિદ્યાર્થીઓને મળતો નથી. જયારે આ મામલે જાગૃત નાગરિકોએ મંત્રીના કાર્યાલયમાં પણ રજુઆત કરી હતી ત્યારે શિક્ષણ વિભાગ કક્ષાએથી આ મામલે જરૂરી ગ્રાન્ટ ફાળવવામાં ન આવી હોવાથી યોજના હજુ પ્રકીયા હેઠળ હોવાનુ પણ જણાવામાં આવે છે. લાંબા સમયથી આ મામલે આગળ અમલવારી માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી. જેના લીધે વિદ્યાર્થીઓને મોટી જાહેરાતો બાદ પણ યોજનાનો લાભ મળતો નથી. આ સ્થિતિ વચ્ચે નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. વિદ્યાર્થીઓમાં પણ આ નિતી સામે આક્રોશ પ્રબળ બન્યો છે.

### પગાર વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્યકર્મીઓના આગેવાનો સાથે ચર્ચા કરી હતી. કારણ કે કર્મચારીઓની હડતાળને લઈ અનેક સેવાને અસર પડી રહી છે. ટીબી, મેલેરિયા, ચીકનગુનિયા, કોરોનાની કામગીરી પર અસર થાય છે.ઁ સ્ત્નછરૂ કાર્ડ કઢાવવાની કામગીરીમાં પણ વિલંબ જોવા મળી રહ્યો છે. જેથી સરકારે આડકતરી રીતે એ પણ કહ્યું છે કે ઉપરોક્ત નિર્ણયનો લાભ તેણે જ મળશે જે આવતીકાલની સેવામાં જોડાશે. ગુજરાતના ૩૩ જિલ્લાના આરોગ્યના મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, ઁજી, ઁફ અને જિલ્લા કક્ષાના સુપરવાઈઝર જેવા પંચાયતના આરોગ્યલક્ષી તમામ કર્મી તેમજ ફિલ્ડ કર્મચારીઓ હડતાળમાં જોડાયા છે

### પ્રદૂષણ વધ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નદીના કિનારા નજીક મહાનગરપાલિકાનો ઘન કચરો નાખે છે. કચરો નાખવાની જગ્યાએ તીવ્ર વાસ, કચરો બાળવાના કારણે ધુમાડો થવો, રખડતા ઢોરોની ઉપસ્થિતિ, પ્લાસ્ટિક કચરો અલગ ન કરવો વગેરે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ધ્યાન પર આવ્યું હતું. (ઓક્ટોબર-૨૦૧૬ અને મે ૨૦૧૯). ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ધ્યાન પર PM10 અને PM2.5ની સાંદ્રતા અનુક્રમે 323 અને 139 mg/મી$^2$ જેટલી હોવાનું ધ્યાને આવ્યું હતું. (ફેબ્રુઆરી ૨૦૧૭) જે આસપાસની હવા ગુણવત્તાના ધોરણોની તુલનાએ ઉંચુ હતુ. જૂન-૨૦૨૧માં કચરો નાખવાના સ્થળે PM10નું સ્તર 333 mg/મી$^2$ હતુ. આમ મહાનગરપાલિકાનો ઘન કચરો નાખવાનું હાલનું સ્થળ હવા પ્રદૂષણ અને દુર્ગંધ સ્રોત હતો. જે નજીકના વિસ્તારોના રહીશો માટે અગવડતા ઉભી કરે છે અને ફરાર ઉત્સર્જનનું કારણ બને છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનરને ઘરેલુ જોખમી કચરાના સલામતીપૂર્ણ વ્યવસ્થાપન અને નિકાલ માટે જોખમી કચરો એકઠો કરવાની સુવિધા પૂરી પાડવા નિર્દેશ કર્યો હતો (ઓક્ટોબર-૨૦૧૭). આમ છતાં તે વિકસિત કરવાનું બાકી છે (નવેમ્બર-૨૦૨૧).

### મોબાઈલ ચોરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન થયુ નથી જેના લીધે પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરોના ખિસ્સા કપાય છે. આ સ્થિતિ વચ્ચે મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. હવે તહેવારોના દિવસો નજીકમાં છે. ત્યારે નવરાત દિવાળી ટાંણે ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવાય તે અનિવાર્ય છે. તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમગ્ર દેશના ૧૦ રાજ્યોમાં એનઆઈએ અને ઈડીની ટીમે પીએફઆઈના રાજ્યથી લઈને જિલ્લા સ્તરના નેતાઓના ઘરે રેડ કરી છે અને લગભગ ૧૦૦ કેડરની ધરપકડ કરી છે.

સમાચાર એજન્સી એએનઆઈના જણાવ્યા મુજબ એએનઆઈ અને ઈડીની ટીમે રાજ્ય પોલીસની સાથે મળીને કુલ દસ રાજ્યોમાં રેડ કરી અને આ દરમિયાન પીએફઆઈના ૧૦૦થી વધુ કેડરની ધરપકડ કરવામાં આવી છે. એએનઆઈએ કોઈમ્બ્તુર, કુડ્ડાલોર, રામનાડ, ડિંડુગલ, થેની અને થેનકાસી સહિત તમિલનાડુમાં ઘણી જગ્યાઓ પર પીએફઆઈના નેતાઓના ઘરે રેડ કરી છે. પુરસાવક્કમમાં ચેન્નાઈ પીએફઆઈના સ્ટેટ હેડની ઓફિસમાં પણ સર્ચ ચાલી રહ્યું છે.

### ઝંપલાવ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા પસંદ કરવામાં આવશે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ ચૂંટણીમાં સહભાગી બનવાનો ઈનકાર કર્યો હતો અને ત્યારથી ચૂંટણીના સંકેતો વધી ગયા છે.

જોકે અશોક ગેહલોતના કહેવા પ્રમાણે રાહુલ ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ તરીકે ભારત જોડો યાત્રા કરશે તો પાર્ટી માટે એક અલગ માહોલ બનશે. પરંતુ રાહુલ ગાંધીની અધ્યક્ષ પદ માટેની નીરસતા બાદ પોતે પણ રેસમાં ઉતરવા ઈચ્છે છે અને સાથે જ મુખ્યમંત્રી પદ પણ જાળવી રાખવા ઈચ્છે છે.

### મહત્વકાંક્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલ તેમજ સોલિસિટલ જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, ૧૦૩મો બંધારણીય સુધારો માન્ય હતો અને તે કલમ ૪૬ને આગળ વધારવા કરવામાં આવ્યો હતો, જે કહે છે કે રાજ્ય નબળા વર્ગોના લોકોના શૈક્ષણિક અને આર્થિક હિતોને વિશેષ કાળજી સાથે પ્રોત્સાહન આપશે.

પોતાની વાતને યથાવત્ રાખતાં, વેણુગોપાલે રજૂઆત કરી હતી કે, જીઝ/જી/મ્ઝના લોકોએ ઈઉજી ક્વોટા વિશે ફરિયાદ કરવી જોઈએ નહીં કારણ કે તેમને તે અસર કરશે નહીં અને અનામતમાં તેમનો હિસ્સો સુરક્ષિત રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, ઈઉજી માટે ૧૦% ક્વોટા બાકીના ભાગમાંથી કાપવામાં આવશે, જે બિનઅનામતમાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જનરલ ક્લાસના આશરે ૫.૮ કરોડ લોકો ગરીબી રેખા હેઠળ છે અને જનરલ ક્લાસના ૩૫ ટકા લોકો જમીનવિહોણા છે અને ઈઉજી ક્વોટા તેમના માટે હતો.

તેમણે કહ્યું હતું કે, જનરલ ક્લાસમાં આવતા ગરીબોના ઘણા બાળકો ખેતર તેમજ કારખાનામાં કામ કરવા માટે મજબૂર છે અને ગરીબીના કારણે શાળાએ જઈ શકતા નથી, તેમની મદદ કરવા માટે સરકાર બંધાયેલી છે. સોલિસિટર જનરલે કહ્યું હતું કે, ગરીબ લોકોની મહત્વકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે સુધારો લાવવામાં આવ્યો હતો અને તે ફક્ત આ જ આધાર પર ચકાસી શકાય છે કે તે બંધારણના મૂળભૂત માળખાને નષ્ટ કરે છે. મહેતાએ કહ્યું હતું કે, 'બીજા શબ્દોમાં કહીએ તો, જો આવા સુધારાને સ્ટેન્ડમાં રખાશે તો બંધારણની ખૂબ જ પાયાની ઈમારત પડી ભાંગશે'. ૫૦% અનામતની મર્યાદા અનુલ્લંઘનીય અથવા અસ્થિર નથી તેવી દલીલ કરતાં તેમણે કહ્યું હતું કે, 'એમ. નાગરાજના કેસમાં ચકાસાયેલા ૮૧મા સુધારા અધિનિયમ દ્વારા ૫૦ ટકા મર્યાદા નક્કી કરવામાં હતી, તે પછી બંધારણીય ખંડપીઠે જણાવ્યું હતું કે, અનામત હોવી જોઈએ. ૫૦ ટકા મર્યાદામાં સુધારો થઈ શકે એમ નથી અને તે કોઈ મૂળભૂત માળખું પણ નથી.

અરજદારો જેમની દલીલ હતી કે અનામત પર ૫૦ ટકા મર્યાદા બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે જેનો ભંગ કરી શકાય નહીં, તેમની અરજીનો વિરોધ કરતાં સોલિસિટર જનરલે કહ્યું હતું કે 'બંધારણમાં કોઈપણ દરખાસ્ત જે સ્થિર હોય તે ક્યારેય ક્યારેય મૂળભૂત માળખું ન હોઈ શકે કે જેથી કરીને કોઈને વંચિત કરી શકાય.